R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

SEPTEMBER - 2018

Total - 36 Pages

Vol No. 62 Issue No.6

## ચલો બાલાસિનોર ૨૦૧૮





## જનસાથી ટ્રોફી ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૮ – ૨૦૧૯

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

### શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગુનવાળા) પુરસ્કૃત

### ઉપનગર વિભાગ



# દાંડિયા રાસ



## મુખ્ય મહેમાન

### શ્રીમતી શોભનાબેન દિનેશચંદ્ર ધારીયા (હસ્તે) દીપા અપૂર્વ ધારીયા

**તા. ૨૧-૧૦-૨૦૧૮, રવિવારે, સાંજે ૬.૦૦ કલાકે**

**સ્થળ : શ્રી મહિલા આધાર ભવન, રઘુલીલા મોલની બાજુમાં પોઈસર જીમખાના રોડ, કાંદિવલી (વે), મુંબઈ - ૬૭**

દાંડિયા રાસ ઉંમર પ્રમાણે ગ્રુપ પાડીને રમાડવામાં આવશે.

આ સાથે શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષક વિતરણ યોજના નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯ ઉપનગર વિભાગમાં રહેતા બાળકો માટે રાખેલ છે. જેમણે માર્કશીટની કોપી ન આપી હોય તે તા. ૪.૧૦.૨૦૧૮ પહેલા સંસ્થામાં અથવા નીચેના કાર્યકર્તાઓને પહોંચાડી આપવી અને રિઝલ્ટની પાછળ પોતાનું નામ, સરનામું અને ટેલીફોન નંબર જરૂર લખવાના રહેશે.

## નાસ્તા માટે સૂચના

નાસ્તાની કૂપન **રૂા. ૧૦૦/-** વ્યક્તિ દીઠ રાખેલ છે.

કુપન **તા. ૧-૧૦-૨૦૧૮ થી તા. ૨૦-૧૦-૨૦૧૮** સુધી નીચેના કાર્યકર્તા પાસેથી લઈ લેવા વિનંતી.

**(૧) શ્રી ઉર્મિલ કડકીયા - ૯૮૧૯૧૮૩૩૭૯ (૨) શ્રી વસંત દેસાઈ - ૯૮૨૧૦૫૪૩૨૯**

**(૩) શ્રી અજય દોશી - ૯૮૧૯૩૪૨૮૫૬ (૪) સંસ્થા ઓફિસ - ૨૩૮૮૭૦૦૬**

**મંત્રી - શ્રી ભાવેશ મોદી                 સંયોજક - શ્રી ઉર્મિલ કડકીયા**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૨ | ૬ | ૨૧-૦૯-૨૦૧૮ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# વરસાદી વૈભવ

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

એક વરસાદી સાંજે વરસાદી વૈભવનો કાર્યક્રમ માણવા હું ગયો. નામદાર, છટાદાર કવિ, કવિયત્રી વરસાદને વધાવવા, પ્રેમથી ભીંજવવા, હળવેથી ટપારવા, તો વળી ફરિયાદના મૂડમાં એકત્રિત થયા હતા.

ઋજુ હૃદયના કવિઓએ વરસાદને કેવો માણ્યો, કેવો વગોવ્યો તેની નાની નાની ઝલક તમારા અંતરની ભીનાશને ફરી પ્રગટાવવાના નમ્ર પ્રયાસ સાથે...

**પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા**
**જાણે મોસમનો પહેલો વરસાદ**

વર્ષાઋતુ અને વેદનાને નિકટનો સંબંધ છે. વરસાદનો રંગભૂરો તો વેદનાનો પણ ભૂરો રંગ ગણ્યો છે. વરસાદ અને વેદના બંને અંદરથી ભીંજવે.

છેવટે કંટાળીને વાદળાને કીધું કે

**વરસ્યાં વિના ક્યાં જાવો છો ?**
**વાદળ કહે વરસી તો પડીએ પણ તમે ક્યાં છો**
**શ્રીમાન પધારવા ?**
**વાદળ કહે એકાદી લીલીછમ ડાળ તારામાં બતાવી દે,**
**અબ ઘડી વરસી પડું છું બોલો**
**વાદળની જેમ તમે ભીંજાવ છો ?**

મોસમનો પહેલો વરસાદ વરસે, ત્યારે વૃક્ષોની મહેફિલ જામે, તેમાં વાયરા ને ચાનક ચડે ને વળી થનગનાટ સાથે મોરલાનેય ચાનક ચડે. પહેલા વરસાદથી એવી સોડમ ફૂટે જાણે માટી સ્વયં અત્તર બની ગઈ હોય. આમ રઢિયાળો રંગ હોય, ગમતીલો સંગ હોય પછી કોને ભીંજાવું ન ગમે ?

**આવે તો આવજે તું લઈને ભીનાશ**
**તને વરસાદી મોસમ ના સમ**
**મારા વ્યાકુળ મનને ના કરતો નિરાશ**
**તને વરસાદી મોસમ ના સમ.**

વર્ષા, વર્ષા રાણી, સ્ત્રીલિંગતો. મેઘ, મેઘરાજા પુલિંગ અને ઝાપટું નપુંસક. એક જ વરસાદને અલગ અલગ લિંગમાં ગોઠવી દઈ એની જાતની તા ઘોર જ ખોદી કાઢી કવિએ. તેમાં છત્રી સ્ત્રીલિંગ ને કાગડો પુલિંગ, કાળી કલૂટી, શ્યામવર્ણી છત્રી ને સાચવવાના પ્રયાસ કેવા વ્યર્થ જાય છે. એને ઘરેણાની જેમ સાચવીએ. સાકર ના ગાંગડાની જેમ સાચવીએ પણ ક્યારે દગો દેશે કંઈ કહેવાય નહીં.

કવિયત્રીએ પત્ર લખ્યો કે અમે જેમ દર વર્ષે બાલાસિનોરમાં દિવાળી કરવા જઈએ છીએ તેમ તું બરાબર એક વર્ષે આવે છે. આટલી રાહ જોતા જોતા સપનાઓ અધૂરા  રહી જાય છે. મેઘધનુષી રંગો વિલાય જાય છે. મારા અંતરના રંગોને નિખારવા તું પહેલ કર તો હું મહેકી ઉઠું. તને રિસાઈ જવાનું બહુ ગમે છે ને પછી જાણે મને હરાવવા માંગતો હોય તેમ વરસી પડે છે પરંતુ મારા મલકાટથી સમજી જાને મારે તને જ જીતાડવો હતો.

કવિયત્રી આગળ લખે છે - જ્યારે તું નથી હોતો ત્યારે આ મુંબઈ નગરીના વૃક્ષો મને ટીપે ટીપે પલાળે છે. મારી એકલતાને મેં કેળવવાનો પ્રયાસ કરી લીધો છે. મુંબઈની સમસ્યાઓ સાથે મેં જીવવાનું શીખી લીધું છે તેથી જ કહું છું -

**બહુ મન માં ન આણવું**
**તું આવે કે ન આવે**
**બહુ મનમાં ન આણવું**

વરસાદની રાહ જોઈ જોઈને થાકી જઈએ ત્યારે બીજી કવિયત્રી એ સુંદર રજૂઆત કરી,'હું ચાતક તું શ્રાવણ'

**મીટ માંડીને જોયું આકાશે, વરસાદ તો ઠીક હવે**
**આકાશે એકાદુ વાદળ પણ ક્યારે ઘેરાશે ?**
**ધરતી ને સૂરજનો ચડયો છે તાવ**
**લીલાછમ ઝાડવા ને કમળો થ્યો લાગે છે**
**પીળા થઈ કેટલું પીડાશે ?**

બાળક જ્યારે ધીંગા મસ્તી કરતું હોય તોફાને ચડયું હોય અથવા કંઈક અણધાર્યા સંજોગોમાં બેધ્યાન થયું હોય ત્યારે મા-બાપ તેને ટપારે છે, સાચા સલાહ સૂચન આપે છે કે આમ નહીં કરે તો શું થશે ?

તેમ........

**વાયરા એ મારી જ્યાં ફૂંક**
**ત્યાં હળવેથી ઝાડવા એ ડાળી ને કીધું કે**
**લહેરાઈને મારી પર ઝૂક**

બરાબર ચોમાસુ જામી ગયું હોય અને તેનો અનેરો આનંદ લેતા હોઈએ ત્યાં અન્ય કવિયત્રી એ વેદનાનો સૂર છેડયો.......

**લે... હું તો કોરીકટાર**
**વરસાદ તો આવે પણ સાજન ન આવે**
**એમાં મારો શું વાંક ?**
**વરસાદ થી તન તો ભીંજાય,**
**પણ મન ન ભીંજાય**
**એમાં મારો શું વાંક ?**
**લે..... હું તો કોરીકટાક**

દર્દીલું, હઠીલું, ગમતીલું, મસ્તીલું, ભીંજવતું ૭ ચાલ્યું ત્યાં અનરાધાર ખડખડાટ વરસ્યો.

વર્ષાઋતુ આવે એટલે બધી રાણીઓ યાદ આવે. લાલરાણી,. કાળીરાણી, રાતરાણી, પદમારાણી. મુંબઈનું હવામાન ખાતુ, લોકલ ટ્રેઈનનું ખાતુ અને મેનેજમેન્ટખાતુ ત્રણેય ગોટાળાબાજ. આગાહી કરે ત્યારે બધે જ કોરુ ધાકોર. આગાહી વગર ના દિવસોમાં જુહુ ચોપાટી ફરવા ગયા હોઈએ ત્યારે એવો તો સીધો જ વરસી પડે અમારા જેવા જાડાપાડા ભીંજાઈને લોથપોથ

થઈ જાય ને પાતળી પરમાર જેવા બે ધારવચ્ચેથી દોડી જાય. એકવાર તો એસિડ વર્ષા થઈ. ચહેરો લાલઘૂમ થઈ ગયો. પલળતા પલળતા માથામાં હાથ ફેરવ્યો તો હાથ લાલ થઈ ગયા. પછી યાદ આવ્યું આ એસિડ વર્ષા ન હતી માથાની મેંદીનો રંગ નીતરતો'તો.

**મારી મેંદીનો રંગ ઉતરી જાય રે...**

**વરસાદ ધીમા પડો**

**શ્રી મેઘનારાયણ દેવ કી જય**

વેલેન્ટાઈન ડે માં જેમ પ્રેમ ફૂટી નીકળે તેમ વરસાદમાં ગટરો ફૂટી નીકળે છે.

ચાર્લીચેપ્લીનને વરસાદ ખૂબ ગમતો હતો કારણ વરસતા વરસાદમાં ટકપતા આંસુ કોઈ જોઈ નથી શકતું. જેનું ગલ્લા પર અને કિચન પર બંને પર ધ્યાન હોય, માસ્ટરી હોય તે સ્વસ્થ ગણાય. બાકી ખૂબી અને ખાડા મુંબઈમાં છે તેટલા ક્યાયં નથી. જે મુંબઈમાં ફાવ્યો તે બધે જ ફાવ્યો. આમાં ઘણાં ન્હાય અને ઘણાં નવડાવે.

✤✤✤✤✤

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને દાનના વચનોની નામાવલી

(૧) **ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ)** દિવાળી પર્વ આર્થિક રાહત યોજના હેઠળ શ્રીમતી સુશીલાબેન બાબુલાલ કડકીઆ (વલ્લભઘેલા) તરફથી **રૂા. ૫૩,૦૦૦/-** દરેક આર્થિક સહાય લેનારને આપવાનું વચન મળ્યું છે.

(૨) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા શ્રી દક્ષેશભાઈ શ્રી મિનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ)ની ઈન્ડોર સ્પોર્ટ્સ એક્ટીવીટી માટે **એક સદગૃહસ્થ** તરફથી **રૂા. ૫,૦૦૦/-** ના દાનનું વચન પ્રાપ્ત થયું છે.

(૩) શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) પુરસ્કૃત ઉપનગર વિભાગમાં દાંડીયા રાસ પ્રસંગે **શ્રીમતી શોભનાબેન દિનેશભાઈ ધારીઆ હસ્તે શ્રીમતી દીપા અપૂર્વ ધારીઆ તરફથી રૂા. ૩૧,૦૦૦/-**નું માતબર દાન પ્રાપ્ત થયું છે તથા ઈનામોના વિતરણ માટે રૂા. ૧૨,૫૦૦/- તેમના હસ્તે આપવામાં આવશે.

સંસ્થા દાતા અને સહુ કુટુંબીજનોનો આભાર માને છે. **મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**

# નવરાત્રી ઉત્સવના મુખ્ય મહેમાનનો પરિચય (ઉપનગર વિભાગ)

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

### શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગુનવાળા) પુરસ્કૃત

### ઉપનગર વિભાગના દાંડિયા રાસના મુખ્ય મહેમાન

## શ્રીમતી શોભનાબેન દિનેશચંદ્ર ધારીયા (હસ્તે) દીપા અપૂર્વ ધારીયા



શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ ધારીઆનો જન્મ તા. ૯-૧૧-૧૯૫૨ને રોજ ગીરજાબેન કાંતિલાલ ધારિયાને ત્યાં થયો હતો, તેમના કુટુંબમાં ચાર ભાઈ, એક બહેન માં તેઓ સહુથી નાના. તેઓ ધારણ ૧૦ સુધી બાલાસિનોર અને વર્ષ ૧૯૬૯માં મુંબઈ આવી કે.સી. કૉલેજમાં પ્રથમ બે વર્ષ અને B.Sc. સોમૈયા કોલેજથી અભ્યાસ પૂર્ણ કરી પોતાનો સ્વતંત્ર ધંધો Fortune Traders ના નામથી વર્ષ ૧૯૭૭માં શરૂ કર્યો અને તેમના લગ્ન લીલાબેન કીર્તનલાલ પરીખ (તાતીયા)ની દીકરી શોભનાબેન જેઓ BA INT ART અભ્યાસ પૂર્ણ કરેલ. શોભનાબેનના લગ્ન વર્ષ ૧૯૭૯ માં દિનેશભાઈ સાથે થયા. તેમના બે સંતાનોમાં દિકરી ટ્વિંકલ અને દિકરો અપૂર્વ બંને પરણિત છે. દિકરીના લગ્ન ધવલકુમાર નીતાબેન નીતિનભાઈ શાહ (કડુજી) અને દિકરાના લગ્ન દીપા મીનાબેન સતીષભાઈ મોદી સાથે થયા છે. દિકરાને બે દિકરી જોડકી દિયા, દ્વિતી છે. દિકરો અપૂર્વ અત્યારે પિતાના પગલે ચાલી બીજી નવી કંપની Hitech Petro-Age 2004 માં ચાલુ કરી પિતા સાથે જ કારોબારમાં સંકળાયેલા છે. શ્રીમતી શોભનાબેન દિનેશચંદ્ર ધારીઆ રાજેશ્રી એવેન્યુ, જયરાજ નગર, બોરીવલી (વેસ્ટ) માં રહે છે. શ્રી દિનેશભાઈ ૧૩૮, નાગદેવી સ્ટ્રીટમાં પોતાની સ્વતંત્ર દુકાન ધરાવે છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ મુખ્ય મહેમાનને આવકાર આપતા હર્ષની લાગણી અનુભવે છે.

---

# શ્રીજી

**- પ્રવીણા કડકીઆ**

નયનોએ ભાળ્યા શ્રીજી હૈયામાં વસિયા
વહાલા શ્રીજી પધારોને અંતરને ઓરડે વિરાજો ને
કરૂણા વરસાવી શ્રીજી જીવન ઉજાળ્યું
સેવામાં ચિત્ત મારું ચોટયું અંતરને ઓરડે વિરાજો ને
ઝાંખી થઈને શ્રીજી સાન ભાન ભૂલી
અહર્નિશ સુમિરન કરાવોનેઅંતરને ઓરડે વિરાજો ને
મનડું મોહ્યું ને શ્રીજી આસક્તિ છૂટી
માયાને મમતા મૂકાવોને અંતરને ઓરડે વિરાજો ને
શ્રીજીમય બની જીવતરની એષણા છૂટી
તુજ રંગે રંગાણી રે અંતરને ઓરડે વિરાજો ને

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત

# ચાલો બાલાસિનોર વર્ષ-૨૦૧૮

## ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૮ના પ્રોગ્રામની રૂપરેખા

### ✤ ૪-નવેમ્બર (વાઘ બારસ) ✤ મહેંદી

**સમય** : બપોરના ૧ થી ૩ વાગ્યા સુધી **સ્થળ** : વણીકવાડી, પહેલે માળે
**સંપર્ક** : શ્રીમતી વૈશાલી મોદી **મો.** : ૯૮૩૩૪૯૮૩૦૧

### ✤ ૪-નવેમ્બર (વાઘ બારસ) ✤ કપલ ગેમ

**સમય** : રાત્રીના ૯ થી ૧૨ વાગ્યા સુધી **સ્થળ** : લાયન્સ કલબ હોલ
**સંપર્ક** : શ્રી સુનીલ મોદી **મો.** : ૯૮૨૦૧૨૦૬૪૯
**નોંધ :** કપલ ગેમમાં વહેલા તે પહેલા ધોરણે. ૨૦ કપલનો સમાવેશ કરવામાં આવશે.

### ✤ ૬-નવેમ્બર (કાળી ચૌદસ) ✤ ક્રિકેટ- વય મર્યાદા ૧૪ વર્ષ થી ૫૦ વર્ષ સુધી

**સમય** : સવારના ૯ થી ૪ વાગ્યા સુધી **સ્થળ** : જનસાથી ક્રિકેટ ગ્રાઉન્ડ
**સંપર્ક** : શ્રી કિંજલ પરીખ **મો.** : ૯૮૨૦૮૧૫૫૮૪

### ✤ ૭-નવેમ્બર (દિવાળી) ✤ લેડીઝ બોક્ષ ક્રિકેટ

**સમય** : બપોરના ૨ થી ૫ વાગ્યા સુધી **સ્થળ** : વણિક વાડી
**સંપર્ક** : શ્રીમતી તૃપ્તી કડકીઆ **મો.** : ૯૮૨૦૨૨૧૨૪૨

### ✤ ૮-નવેમ્બર (બેસતું વર્ષ) ✤ D-J સાથે દાંડિયા રાસ-ગરબા :

**સ્થળ** : સીધ્ધનાથ પાર્ટી પ્લોટ **સમય** : રાત્રિના ૯ થી ૧૨ વાગ્યા સુધી

**નોંધ :**

(૧) જેઓએ ચાલો બાલાસિનોર પેકેજમાં ભાગ લીધો છે તેઓએ ટિકીટ, જમવાના પાસ અને બસ નંબરની કુપન નીચે જણાવેલ સ્થળેથી પ્રાપ્ત કરવા. **શ્રી જીગર કડકીઆ - મયુર ટ્રેડીંગ કોર્પોરેશન** : ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલે માળે, **ટેલીફોન નંબર :** ૨૩૪૨૮૭૮૫ **સમય :** બપોરના ૧૨ થી ૪ વાગ્યા સુધી, **તારીખ :** ૪-૧૦-૨૦૧૮ થી ૬-૧૦-૨૦૧૮

(૨) જેઓ પોતપોતાની રીતે વતનમાં ચાલો બાલાસિનોર પ્રોગ્રામમાં સામેલ થવાના છે. તેઓએ વતનમાં જમવાના પાસ નીચે જણાવેલ સ્થળેથી પ્રાપ્ત કરવા. (તારીખ ૬-૧૧-૨૦૧૮ થી ૯-૧૧-૧૮ સુધીના) વ્યક્તિ દીઠ એક દિવસના જમવાના પાસનો દર રૂા. ૨૫૦/- રાખેલ છે. **શ્રી જીગર કડકીઆ - મયુર ટ્રેડીંગ કોર્પોરેશન** : ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલે માળે, **ટેલીફાન નંબર :** ૨૩૪૨૮૭૮૫/**૨૩૪૧૩૫૩૮, સમય :** બપોરના ૧૨ થી ૪ વાગ્યા સુધી. તારીખ : ૪-૧૦-૨૦૧૮ થી ૯-૧૦-૨૦૧૮ સુધી

(૩) છેલ્લા દિવસે જમવાના પાસ આપવામાં આવશે નહીં.

(૪) ટીફીનની વ્યવસ્થા સદંતર બંધ છે.

**મંત્રી - શ્રી ભાવેશ મોદી** **કો-ઓર્ડીનેટર - શ્રી જીગર કડકીઆ** **સંયોજક - શ્રી સુનીલ મોદી**
**મો. ૯૮૬૯૦૮૦૨૮૭** **૯૮૨૦૩૩૧૫૩૫** **૯૮૨૦૧૨૦૬૪૯**


શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

।। શ્રી ગોકુલેશો જયતી ।।

# શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ બાલાસિનોર

પરમ પૂજ્ય ગોસ્વામી શ્રી વિઠ્ઠલરાયશ્રી બાવાશ્રી

બાલાસિનોર નગરના શ્રી ગોકુલનાથજી મંદિર સુવર્ણ જયંતીના શુભ પ્રસંગે આપશ્રીના આગમન સંદર્ભે સર્વે વૈષ્ણવભક્તોએ વિચારેલ કાર્યક્રમની રૂપરેખા

**તા. ૩-૧૧-૨૦૧૮ને શનિવાર :** સાંજના ૪.૦૦ કલાકે આપશ્રીનું આગમન તથા સામૈયું નગરના બજારમાંથી શોભાયાત્રા. ત્યારબાદ નીજ મંદિર મુકામે આપશ્રી દ્વારા વચનામૃત/ચરણ સ્પર્શ આપશ્રી દ્વારા શયન આરતી, વિરામ....

**તા. ૪-૧૧-૨૦૧૮ ને રવિવાર :** સવારે ૭.૦૦ કલાકે મંગળા આરતી. આપશ્રીના કરકમલો દ્વારા સુવર્ણ જયંતી શુભ પ્રસંગ નિમિત્તે શ્રી લક્ષ્મણલાલ મહારાજ તાતશ્રીના સવારે ૯.૩૦ કલાકથી કેસર સ્નાન. ત્યારબાદ આપશ્રી દ્વારા યુવા વૈષ્ણવ પરિવારજનો વચનામૃત/ચરણસ્પર્શ સાંજના ૪.૦૦ કલાકે. મનોરથીશ્રીના ઘરે સમાજ ત્યારબાદ શયન આરતી/વિજય તિલક.

**તા. ૫-૧૧-૨૦૧૮ના સોમવાર :** સવારે ૭.૦૦ કલાકે મંગળા આરતી, શ્રી લક્ષ્મણલાલ મહારાજ તાતશ્રીના કેસર સ્નાન પૂજ્ય શ્રી ગોકુલનાથજી (લાલન)ના જન્મોત્સવ નિમિત્તે અને સુવર્ણ જયંતી ઉજવણી શુભ પ્રસંગ નિમીત્તે ૯.૩૦ કલાકે કેસર સ્નાન/દર્શન મનોરથીના ઘરેથી સવારે ૧૧.૦૦ કલાકે કલશ શોભા યાત્રા ગામમાં ફરી મંદિરે પરત આવશે.

સાંજે ૬.૦૦ કલાકે સુવર્ણ જયંતી પ્રસંગના 'સ્મૃતિ ગ્રંથ' વિમોચન તથા મનોરથી દાતાઓ અને સર્વ કાર્યકર્તા સેવાર્થીઓનું અભિવાદન.

**સ્થળ :** સિધ્ધનાથ પાર્ટી પ્લોટ, સલિયાવડી દરવાજા, બાલાસિનોર

ઉપરોક્ત સમય સારણી આપશ્રીની ઉપસ્થિતિ તથા આજ્ઞા માટે મોકલી છે.

આપશ્રીની આજ્ઞા અનુસાર સમગ્ર કાર્યક્રમ અનુસરવાનું અમ સર્વે વૈષ્ણવોએ નક્કી કરેલ છે.

**લી. આપના આજ્ઞાંકિત સર્વે વૈષ્ણવજન વતીથી**

**શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટીગણ, પ્રમુખ, મંત્રીશ્રી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીયા (સુરતવાળા)
## પુરસ્કૃત
# શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી
# જનસાથી ટ્રોફી ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૮-૨૦૧૯

આ વર્ષે જનસાથી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ ઓક્ટોબર મહિનામાં રમાડવામાં આવનાર છે.

આ અંગે વધુ માહિતી માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવો

**(૧) રિપલ પરીખ - ૯૮૨૦૧૭૬૦૯૨**
**(૨) ઉર્મિલ કડકીઆ - ૯૮૧૯૧૮૩૩૭૯**
**(૩) ભાવિક પરીખ - ૯૯૬૭૫૧૬૩૦૨**
**(૪) રોહન દેસાઈ - ૯૮૩૩૪૩૩૯૯૩**
**(૫) અપૂર્વ ધારીયા - ૯૮૩૩૧૦૩૫૦૬**

**મંત્રી : ભાવેશ બિપીન મોદી**

**સંયોજક : રિપલ બિપીન પરીખ**


### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર
## દિવાળી પર્વ આર્થિક રાહત યોજના

સતત આઠમાં વર્ષે આર્થિક સહાય લેતા કુટુંબોને સંસ્થા તરફથી આ યોજના હેઠળ સહાય મુંબઈ વસતા કુટુંબોને તા. ૨૨-૧૦-૨૦૧૮ થી તા. ૩૦-૧૦-૨૦૧૮ સુધી શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસ ખાતેથી કામકાજના સમયે બપોરે ૧૨ થી ૫ કલાક દરમ્યાન આપવામાં આવશે.

બહારગામમાં વસતા કુટુંબોને મનીઓર્ડર મારફતે સહાય મળશે.

બાલાસિનોર ખાતે વસતા કુટુંબોને શ્રી મણીકાન્ત કડકીઆ મારફતે સહાય આપવામાં આવશે.

**મંત્રી - શ્રી ભાવેશ બિ. મોદી**
**સંયોજક - શ્રી સંજય જ. શાહ**



# હિંડોળા ખાટ

## સોનેરી કહેવતો નો વરસાદ

| | | | |
|---|---|---|---|
| ૧) | લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે | (A) | વેલો ન ચડે |
| ૨) | ઊંટ ઉપર બેસી | (B) | માંહે પોલં પોલ |
| ૩) | વાડ વિના | (C) | કદી મિથ્યા થાય નહીં |
| ૪) | ગામને મોઢે | (D) | સો દુઃખને હણે |
| ૫) | વિશ્વાસ એ | (E) | મોઢું ધોવા ન જવાય |
| ૬) | લલાટે લખ્યાં લેખ | (F) | તીખા ન લાગે |
| ૭) | મોટું ઢોલ | (G) | ગરણું ન બંધાય |
| ૮) | મફતના મરી | (H) | પાળ બંધાય |
| ૯) | એક નન્નો | (I) | છાણા ન વીણાય |
| ૧૦) | કાંકેર કાંકરે | (J) | વિશ્વ નો શ્વાસ છે |

**જવાબ :** (૧) - (E), (૨) - (I), (૩) - (A), (૪) - (G), (૫) - (J), (૬) - (C), (૭) - (B), (૮) - (F), (૯) - (D), (૧૦) - (H)

# રત્ન કણિકાઓ

૧) એક પ્રાર્થના માત્રથી પ્રભુનું આસન ડોલી ઊઠે છે.

૨) આપણા વિચારો એટલા પ્રખર હોવા જોઈ કે કાર્યમાં પરિણામી શકે તેમ જ અમલમાં આવી શકે.

૩) જ્યાં ઊભા ત્યાં ચોંટી રહીને, વચન લેવું સબળુ આભ પડો કે પૃથ્વી ફાટે તોયે ન કરીએ નબળું

૪) બીજાની ભૂલોને માફ કરવી હજી સહેલી છે પણ આપણી ભૂલ કાઢનારાઓને માફ કરવા ખૂબ જ મુશ્કેલ છે.

૫) નજીવા મેઘથી ખાબોચિયાં છલકાય છે જલદી અને હળવા સૂરજના તાપથી શોષાય છે જલદી

૬) બીજાને આનંદિત કરવામાં જે આંતરિક આનંદ મળે છે તે સર્વોત્તમ છે.

૭) જે તમે બનવા માગો છો, તમારાં મન અને મગજમાં એવા જ વિચારો ભરો અને મનની આજ્ઞા અનુસાર કામ કરો

૮) કુદરત પોતાના દરેક સંતાનને બનાવતી વખતે તેને કાંઈ ને કાંઈ કામને માટે ખાસ લાયકાત અવશ્ય આપે છે.

૯) ચિત્રકાર એટલે જે વેચી શકાય તેવું ચીતરનારો, કલાકાર એટલે જ ચીતરે તે વેચી શકનારો.

૧૦) આ દુનિયામાં જે લોકો અસલી વિજેતા છે તેઓનું વિજયનું સૂત્ર આજ છે કે તેઓ 'હા' કહેવાની કળા જાણે છે એટલે દરેકનું હૃદય જીતે છે.

(૧૧) ભેગાં મળીને જીવે તે ગ્રામ્ય સંસ્કૃતિ, ભેગું કરીને જીવે તે શહેરી સંસ્કૃતિ

# માએ ગરબો કોરાવ્યો ગગન ગોખમાં રે....

## વાદલડી વરસી રે

વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં
સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યાં. ટેક
મારા પગ કેરાં કડલાં રે, વીરો મારો લેવા હાલ્યો
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયા મારાં ઘેરે બેઠાં.... વાદલડી.....
મારા હાથ કેરો ચૂડલો રે, વીરો મારે લેવા હાલ્યો
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયા મારાં ઘેરે બેઠાં.... વાદલડી.....
મારી ડોક કેરો હારલો રે, વીરો મારો લેવા હાલ્યો,
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયા મારાં ઘેરે બેઠાં.... વાદલડી.....
મારા નાક કેરી નથણી રે, વીરો મારે લેવા હાલ્યો
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયા મારાં ઘેરે બેઠાં.... વાદલડી.....
વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં
સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યાં



## કાનુડા તારા મનમાં નથી

હું તો કાગળિયાં લખી લખી થાકી,
કાનુડા તારા મનમાં નથી
આવા ચોમાસાના ચાર ચાર મહિના આવ્યા,
મારી ચૂંદડી ભીંજાઈ ભીંજાઈ જાય રે,
કાનુડા તારા મનમાં નથી
આવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારાં કાળજડાં ઠરી ઠરી જાય રે,
કાનુડા તારા મનમાં નથી
આવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા
મારી પાનીયું બળી બળી જાય રે,
કાનુડા તારા મનમાં નથી
હું તો કાગળિયા લખી લખી થાકી,
કાનુડા તારા મનમાં નથી.

## કેર કાંટો વાગ્યો

હાં રે રાજ રે ! વાવડીનાં પાણી ભરવા ગ્યાં' તાં......
મને કેર કાંટો વાગ્યો
પેલા વડોદરાના વૈદડા તેડાવો, આડા પડદલા બંધાવો,
બા'રે ઢોલિયા ઢળાવો, મારા કાંટડિયા કઢાવો,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.
ઘરમાંથી રાંધણિયાને કાઢો, ધુમાડે આંખ્યું દુ:ખે,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.
ઘરમાંથી સાંબેલાને કાઢો, ધબકારે ખભા દુ:ખે,
પિયુ અરરર કેર કાંટો વાગ્યો.


સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી) ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી સર્વમંગલા ધ્યાન મંત્ર

हेमामां करूणाभिपूर्ण नयनां माणिक्यभूषोज्जवलां ।
द्वात्रिंशत् दलषोडशाष्ट दलयुक् पद्मस्थितां सुरिमताम् ।।
भक्तानां धनदां वरं च दधतीं, वामेन हस्तेन तत् ।
दक्षेणाभयमातृलिंग सुफलं, श्री मंगलां भावये ।।

## શ્રી સર્વમંગલાના મંત્રો

૧) ૐ હ્રીં કલીં શ્રીં સર્વ મંગલાયૈ નમ : ।
૨) ૐ હ્રીં શ્રીં કલીં સર્વપૂજ્યે દેવી મંગલ ચંડિકે હું હું ફટ સ્વાહા ।
૩) શ્રી સર્વમંગલાયૈ નમઃ ।
૪) ૐ હ્રીં શ્રીં કલીં સર્વમંગલાયૈ વિચ્ચે ।
૫) ૐ ઐ હ્રીં કલીં સર્વમંગલાયૈ વિચ્ચે ।
૬) ૐ હ્રીં શ્રીં સર્વમંગલાયૈ નમઃ ।

## સર્વમંગલા

સમસ્ત સૃષ્ટિની સર્જનહારી,
વર્ચસ્વ બધે છે તારું, ઓ પાલનકારી,
મંગલ કાર્યમાં સદા તું મંગળકારી,
ગજાવવી છે તારી ધૂન, ઓ પાવનકારી,
લાલન, પાવન, રક્ષણ, 'પ્રકાશ'ની તું જ કરનારી

## છડી

સોને કી છડી, રૂપે કી મશાલ,
જરીયનકી સાડી, ઓ મંગલા માડી....
ઔદુમ્બરની ઈષ્ટદેવી, નીમા વણીકની કુલદેવી
સર્વ જનોની શુભદેવી, શામળાની સિધ્ધ દેવી
સર્વનું મંગળ કરનારી, વંશની વૃદ્ધિ કરનારી,
પૂત્રેષ્ઠી યજ્ઞમાં પૂજનારી, અંધકારમાં પ્રકાશ દેનારી
રાજરાજેશ્વરી, વિશ્વવંદનીય, હર્ષલ પર્વત ઉપર બિરાજનારી
જગત જનની, મંગલકારી..... માઁ સર્વમંગલાની ઘણી
ખમ્મા..... ખમ્મા હો ખમ્મા ।।



**યા દેવી સર્વ ભૂતેષુ, બુદ્ધિરૂપેણ સંસ્થિતા ।**
**નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમ : ।।**

મા પાસે વરદાન માંગવું કે સદ્-અસદ્‌ના વિવેક અર્થે બુદ્ધિ આપે. મા પાસેથી શક્તિ મેળવવાના દિવસો તે જ નવરાત્રી. આ શક્તિ દૈવી-સ્વરૂપ તે સ્ત્રી સ્વરૂપ છે. સ્ત્રીનું તે મંગળ અને વાત્સલ્યપૂર્ણ સ્વરૂપ છે. માતાની જેમ દેવી સર્વાંશે કલ્યાણકારી છે. માતાના ખોળામાં બાળક ઉલ્લાસથી ખીલે. માતા જ જીવનદાતા છે. આથી જ માતૃત્વ હંમેશા વંદનીય ને પૂજનીય છે. માતાના નિર્મળ સ્વરૂપને પામવા તો મનુષ્યે સતત સાધના-ઉપાસના કરવી પડે.

ગરબો આ સૃષ્ટિના અવિરામ ચક્રનું પ્રતીક છે. ગરબે ઘૂમનાર પોતાની સાથે ઘૂમનાર બધા ગીત, તાલ, સૂર બધું એકમેકમાં ઓગળીને એકરૂપ થતું જાય અને પછી કશું જ ન રહે... રહે ફક્ત અજબ લય અને ઉભરાતા ભાવોનું એક દિવ્ય ચક્ર. એ ચક્ર તે ગરબો. આમ ગરબામાં સચરાચર સમાઈ જાય અને ગરબો અખિલ બ્રહ્માંડનું પ્રતીક બની રહે.

# આતિથ્ય

- આભા ઉદયકુમાર શાહ (પડાલવાળા)

## 'મકાઈના વડા'

**સામગ્રી :** અડધો કિલો મકાઈનો જાડો લોટ, ૧ વાટકી ઘઉંનો લોટ ઝીણો, ૧ ચમચી અજમો, ૧ ટે.સ્પૂન તેલનું મોણ, ૧ ચમચી મીઠું, ૧ ચમચી મરચું (લાલ મરચું), ૩ ચમચી ગળ્યા અથાણાનો સંભાર (ગોળ કેરીનો), ૧૦૦ થી ૧૫૦ ગ્રામ જેટલો ગોળ, ૧ વાટકી દહીં અથવા છાશ.

**બનાવવાની રીત :** સૌ પ્રથણ દહીંમાં ગોળ ઓગાળવો. દહીંમાંજ ઉપર બતાવેલ બધા જ મસાલા મીક્ષ કરવા. ત્યારબાદ લોટ નાખવો. જરૂર પડે તો દહીં કે છાશ વધારે નાખી શકાય. આ મિશ્રણને આખી રાત પલાળવું. સવારનાં તેલ મૂકી ગરમ તેલમાં મિશ્રણને હાથથી થાબડી નાના વડા તેલમાં મૂકવા. આછા ગુલાબી તળવા.

## 'ચીઝ કોર્ન પનીર સમોસા'

**સામગ્રી :** ૧૦૦ ગ્રામ સ્વીટ કોર્ન (પીળી મકાઈ), ૧ નંગ કેપ્સીકમ, ૨ ક્યુબ ચીઝ, ૧૦૦ ગ્રામ પનીર, કોથમીર, લીલા આદુ મરચા (સ્વાદ મુજબ), ચાટ મસાલો (સ્વાદ મુજબ), ગરમ મસાલો સ્વાદ મુજબ, મીઠું (સ્વાદ મુજબ), ૧૦૦ ગ્રામ પનીર, ૨૫૦ ગ્રામ મેંદો, ઘી નું મોણ (લોટમાં નાખવા), વાટેલું જીરૂ (અધકચરું)

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ઘી નું મોણ, જીરૂ, મીઠું નાખી કણક પરોઠા જેવો લોટ બાંધવો.

કોર્નને બોઈલ કરવા. પાણી કાઢી નાખી કોરા કરવા. તેમાં પનીર પીસ, કેપ્સીકમ, ચીઝ છીણેલું, આદુ મરચા, ચાટ મસાલો, ગરમ મસાલો, મીઠું બધું મિશ્રણ તૈયાર કરી માવો તૈયાર કરવો.

મેંદાના લોટની પતલી પુરી કરી વચ્ચેથી કાપી સમોસા વાળવા અને તેમાં સ્ટફીંગ ભરવું. ધીમી આંચે કડક તળવા. ચટણી સાથે પીરસવા.






# રંગોળી

- ત્વેશા મનીષા નિમીશ શાહ (ઉજળાવાળા)



# કુંડળીમાં લગ્ન અને બારભાવનું મહત્ત્વ




કુંડળીમાં રહેલ લગ્ન, ભાવ પરથી જાતકનું પ્રતિબિબ પડે છે. લગ્ન, ભાવ પરથી જાતકનું કેરેક્ટર, ચારિત્ર્ય, સ્વાસ્થ્ય ખૂબી બેસવું, ઉઠવું બધુ જ ખબર પડે છે. કુંડળીમાં રહેલા બાર ભાવ જીવનના દરેક પાસાને ઉજાગર કરે છે.

સૌ પ્રથમ બાર રાશિના નામ તથા તેના માલિક-સ્વામી વિશે નોંધ લઈએ.

| નં. | રાશિ | માલિક | નં. | રાશિ | માલિક |
|---|---|---|---|---|---|
| ૧. | મેષ | મંગળ | ૭. | તુલા | શુક્ર |
| ૨. | વૃષભ | શુક્ર | ૮. | વૃશ્ચિક | મંગળ |
| ૩. | મિથુન | બુધ | ૯. | ધનુ | ગુરુ |
| ૪. | કર્ક | ચંદ્ર | ૧૦. | મકર | શનિ |
| ૫. | સિંહ | સૂર્ય | ૧૧. | કુંભ | શનિ |
| ૬. | કન્યા | બુધ | ૧૨. | મીન | ગુરુ |

દરેક ભાવ જોવા માટે ગ્રહ, રાશિ, કુંડળીમાં બેઠેલા ગ્રહ, દૃષ્ટિ કરતા ગ્રહ, કારક ગ્રહ વગેરેના આધારે જોવાય. કુંડળીમાં કયો ભાવ શું દર્શાવે છે ?

**૧.** **ભાવ ૧ :** સ્વાસ્થ્ય, ચારિત્ર્ય, આદતો, આત્મા, રૂપ, પ્રકૃતિ, મનઃશક્તિ, ઉદય સ્થાન, ચાલુ જન્મ.

**૨.** **ભાવ ૨ :** વાણી, ધન-સંચય, કુળ-કુટુંબ

**૩.** **ભાવ ૩ :** નાના ભાઈ-બહેન, પરાક્રમ, સાહસ, પડોશી, કળા, સંદેશા, વ્યવહારની પધ્ધતિ

**૪.** **ભાવ - ૪ :** માતા, સ્થાવર મિલ્કત, ઘર, જમીન-સુખ, વાહન, ખેતી

**૫.** **ભાવ ૫ :** સંતાન, વિદ્યા, પ્રણય, ઉપાસના (ઈષ્ટ દેવ), મનોરંજન, ગત જન્મ, પુણ્ય કર્મો, શેર, સટ્ટા, લોટરી

**૬.** **ભાવ ૬ :** ઋણ, લોન, દેવું, મોસાળ, નોકર-ચાકર, રોગ, નોકરી, સેવા

**૭.** **ભાવ ૭ :** પતિ કે પત્ની, દામ્પત્ય સુખ, ભાગીદાર, ધંધો, જાહેર-જીવન

**૮.** **ભાવ ૮ :** ગૂઢ વિજ્ઞાન, ગૂઢ જ્ઞાન, રિસર્ચ, વીલ-વારસો, ગુપ્તધન, એલઆઈસી, પ્રોવિડંડ ફંડ, અચાનક ધનલાભ, પદ મળવું.

**૯.** **ભાવ ૯ :** આવતો જન્મ કેવો હશે ? ઉચ્ચ શિક્ષણ, ધર્મ, યાત્રાઓ, મોટી યાત્રાઓ

**૧૦.** **ભાવ ૧૦ :** કાર્ય સ્થળ, કેવું કાર્ય કરતા હશો, પિતા, સરકારી લેણદેણ, સત્તા, હોદ્દો, કિર્તી, માન

**૧૧.** **ભાવ ૧૧ :** મોટા ભાઈ-બહેન, લાભ, દરેક પ્રકારના મિત્રો

**૧૨.** **ભાવ ૧૨ :** વ્યયભાવ, દરેક પ્રકારનું નુકશાન, ખોટ, મોક્ષ, જેલગમન, મોટી બિમારી, વિદેશયાત્રા

કોઈપણ કુંડળીમાં લગ્નનું સ્થાન પ્રથમભાવમાં આવે. બાળકનો જ્યારે જન્મ થાય ત્યારે પૂર્વ દિશામાં કઈ રાશિ ઉદિત થઈ છે તે બાળકનું લગ્ન છે. આગળ જણાવ્યા પ્રમાણે રાશિ કુલ બાર છે અને દરેક રાશિના માલિક છે. જે રાશિ અને તેનો માલિક લગ્નમાં આવે તેનો પ્રભાવ જાતક ઉપર પડે છે. જીવનના અલગ અલગ પ્રશ્નો અલગ-અલગ ભાવ પરથી જાણી શકાય છે.

★ ★ ★ ★ ★



શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# વિચારો અને લાગણીઓ જ મનને અશાંત કરે છે. વ્યક્તિઓ, ઘટનાઓ કે સંજોગો તો નિમિત્ત માત્ર છે !

- શૈલેષ દેસાઈ

માનસિક શાંતી નહી પણ સમગ્ર સૃષ્ટિ સંતુલન ઉપર રહેલી છે. જ્યાં જ્યાં સંતુલન ડગ્યું ત્યાં ત્યાં એના પરિણામોનો આપણે ઈચ્છા-અનિચ્છાએ કરવો પડે છે. કુદરતની દરેક રચનાને જેટલો અભાવ નડી શકે છે એટલો જ અતિરેક પણ નડી શકે છે. સમગ્ર કુદરતની સાચી સ્થિતિ છે.

આપણું શરીર અંતસ્ત્રાવો રસાયણો જૈવિક ક્રિયાઓ વગેરે સંતુલન ઉપર ટકેલું છે. સંતુલન બગડે એટલે વિવિધ રોગો દેખાય છે. જેમ કે ઈન્સ્યુલીન વધે તો સુગર ઘટી જાય ડાયાબીસ વધે અને ઘટે તો પાર્કીનસન્સ થાય. એવી જ રીતે જૈવિક ક્રિયાઓ પણ સંતુલન ગુમાવે તો તબીયત બગડે. જેમ કે ધબાકરા વધી જાય કે ઘટી જાય તો બ્લડ પ્રેશર વધી જાય કે ઘટી જાય. આ બધા સંતુલનો સરવાળે તમારા મનના સંતુલન ઉપર આધારિત છે. માટે જ મન જ સર્વોપરી છે. મન શરીરનો રાજા છે. રાજા મનમાં તો પ્રજા મનમાં. રાજા ડામાડોળ હોય તો પ્રજાને શાંતીમાં રહેવા દો, શરીરના તમામ સંતુલનો મનની સ્થિતિ ઉપર આધારીત છે. સ્વસ્થ્તા માટે બધુ સંતુલિત રહેવું જોઈએ. જો કે સ્થિર રહેવામાં જડતા છે. મજા નથી. અસ્વસ્થતા અસ્થિર થવામાં સંતુલન ગુમાવે દેવામાં નથી. અસ્થિરતા કે અસુંતલનમાંથી તમે કેટલા ઝડપથી પાછા સ્થિર કે સંતુલિત થઈ શકો છો તેની ઉપર તમારી સ્વસ્થ્તાનો બધા આધાર છે.

બહોળા અર્થમાં કહીએ તો સંતુલન કુદરતી છે. કુદરતે દરેક જીવને આતંરિક, પરસ્પર અને બાહ્ય સંતુલન ઉપર ટકાવી રાખ્યા છે. માનસિક શાંતિ એ આપણા મનનો કુદરતી સ્વભાવ છે. કુદરતે આપેલી આ સંતુલન અવસ્થા છે અને મનને આ કુદરતી અવસ્થામાં ટકાવી રાખવું હોય તો સંતુલિત રહેવું અનિવાર્ય છે. મહત્ત્વની વાત એ છે તે મનની કુદરતી શાંતિ અવસ્થા વિચારો અને લાગણીઓના કારણે જ ડગે છે. બાહ્ય કારણો તમારા વિચાર, વર્તન કે લાગણીઓ ઉપર અસર કરે ત્યારે અશાંતિ જન્મે છે. જ્યારે કોઈપણ કારણોસર તમારા વિચારો, લાગણીઓ કે વર્તન ગૂંચવણમાં પડે ત્યારે તમારી માનસિક શાંતિ જોખમાય તો એમાં કંઈ ખોટું નથી. કોઈપણ સંવેદનશીલ વ્યક્તિનો પ્રતિભાવ હોઈ શકે છે પરંતુ કેટલી ઝડપથી તમે તમારુ માનસિક સંતુલન પાછુ મેળવીને શાંત થઈ શકે છે. તેની ઉપર તમારી બધી સ્વસ્થતાનો આધાર છે. ઝડપથી આવડતનો બધો આધાર તમારી વૈચારિક પરિપકવતા ઉપર છે. કેટલીક વ્યક્તિઓ કહેતી હોય છે કે હું ઈચ્છવા છતાંય લાગણીઓ ઉપર કાબુ નથી ધરાવી શકતી અને સરવાળે નાની નાની બાબતોમાંથી દુઃખી થઈ જાઉં છું. આ વ્યક્તિ જો લાગણીઓ ઉપર કાબુ ધરાવવો હોય તો તેમની વિચાર સરણી સ્પષ્ટ અને પરિપકવ કરવી પડે છે. વિચારોની સપષ્ટતા વ્યક્તિની અશાંતી દૂર કરવામાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે તમને સ્પષ્ટ અને પરિપકવ વિચારસરણી ધરાવો છો ત્યારે લાગણીઓની લાચારી નહિ પણ સમજ ધરાવો છો. આ સમજ તમને સંતુલન પાછું મેળવવામાં ખૂબ મદદરૂપ નિવડે છે.

જો આટલી વાત જ સરળ વાત હોય તો આપણને માનસિક શાંતિ મેળવવામાં તકલીફ કેમ પડે છે ? કારણ બહુ વિચિત્ર લાગે એવું છે. આપણને માનસિક શાંતિ મેળવવામાં તકલીફ એટલા માટે પડે છે કે આપણને માનસિક શાંતિ મેળવવામાં આપણે ખોટી દિશામાં, ખોટી રીતે અને ખોટી જગ્યાએ શોધીએ છીએ. ❖❖❖


પ્રેમીલાબેન નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# જે થાય તે સારા માટે

✍ **તંત્રી મંડળ તરફથી**

એક રાજાના દરબારમાં એક વિદ્વાન સંત આવ્યાં. સંતે એક સૂત્ર આપ્યું, 'જે થાય તે સારા માટે. જો આ યાદ રાખો તો તમે ક્યારેય દુ:ખી ના થાવ' રાજાને આ સૂત્ર ના સમજાયું.

થોડા દિવસ પછી રાજા અને પ્રધાન શિકાર કરવા નીકળ્યા. રસ્તામાં શિકારનો પીછો કરતાં ઘોડાએ ઠોકર ખાધી. રાજા ઘોડા પરથી ઊથલી પડયો અને તેને પગના અંગૂઠામાં વાગ્યું. લોહી નીકળ્યું.

પાછળ આવતા પ્રધાને પાટો બાંધી આપ્યો ને કહે - 'મહારાજ, જે થાય તે સારા માટે.'

રાજા ખિજાઈ ગયો કે 'મને પગે વાગ્યું છે ને પ્રધાન આમ બોલે છે' તેને ગુસ્સો આવ્યો ને પ્રધાનને કાઢી મૂક્યો. ને એકલો જ આગળ વધ્યો. જતાં જતાં પ્રધાન બોલ્યો - 'જે થાય તે સારા માટે.'

રાજાને થયું કે પ્રધાન કેવો મૂર્ખ છે, મેં કાઢી મૂક્યો છતાંય આમ બોલે છે.

આગળ જતાં રાજા રસ્તો ભૂલી ગયો ને જંગલોમાં અટવાઈ ગયો. ત્યાંના આદિવાસીઓએ એને ઘેરી લીધો ને બંદી બનાવ્યો.

આદિવાસીઓનો ઉત્સવ હતો ને તેમને કોઈ બત્રીસ લક્ષણનો ભોગ માતાજીને ધરવો હતો. તેમાં રાજા હાથમાં આવી ગયો. આદિવાસીઓએ રાજાને માતાજીની મૂર્તિ આગળ ખડો કર્યો ને ખડગથી માથું કાપવા જતા હતા ત્યાં પૂજારીની નજર પગ પર પડી. તેણે કહ્યું કે 'આ બલિદાન ના ચાલે, આ માણસ ખંડિત છે. એટલે બત્રીસલક્ષણો ના કહેવાય.'

રાજા મરતાં બચ્યો. આદિવાસીઓએ તેને છોડી મૂક્યો. રાજા માંડ માંડ પોતાના રાજ્યમાં પાછો આવ્યો. હવે તેને સમજાયું કે 'પગે વાગ્યું તે સારું જ થયું. એનાથી તો એનો જીવ બચ્યો.'

પાછા આવી તેણે પ્રધાનને તેડાવ્યો ને પાછો પ્રધાન આવ્યો. રાજાએ કહ્યું,'મારો જીવ બચ્યો, પણ મેં તને કાઢી મૂક્યો એનાથી તને શું ફાયદો થયો ? શું સારું થયું. ?'

પ્રધાન કહે - 'મહારાજ તમે મને કાઢી ન મૂક્યો હોત તો હું તમારી સાથે જ હોત અને તો તમારી જગ્યાએ બત્રીસ લક્ષણ પુરુષ તરીકે મારું બલિદાન દેવાયું હોત. તમે મને કાઢી મૂક્યો એમાં મારો જીવ પણ બચી ગયો.' રાજા કહે, 'સાચી વાત છે. જે થાય તે સારા માટે.'

# દિવાળી બક્ષિસ

એક અનામી દાતા મિત્ર તરફથી છેલ્લા ૨૮ વર્ષથી દિવાળી નિમિત્તે અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ રૂા. ૫૦૦/- આપવામાં આવે છે. જે ચાલુ વર્ષ દરમ્યાન પણ આપવામાં આવશે.

આનંદ થાય છે કે એક અન્ય અનામી દાતા તરફથી ત્રીજા વર્ષે પણ અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૭૫૦/-** આપવામાં આવનાર છે.

અન્ય એક દાતા તરફથી ત્રીજા વર્ષે પણ અન્ન અથવા આર્થિક સહાય લેતા કુટુંબોને કુટુંબદીઠ **રૂા. ૨૫૦/-** આપવામાં આવશે.

મુંબાઈમાં વસતા કુટુંબોનો તા.૨૨.૧૦.૨૦૧૮ થી તા. ૩૦.૧૦.૨૦૧૮ સુધીમાં શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યાલય ખાતેથી બપોરના ૧૨ થી ૫ ના સમયમાં આપવામાં આવશે. **બહારગામ વસતા કુટુંબોને મનીઓર્ડરથી મોકલવામાં આવશે.** બાલાસિનોર ખાતે રહેતા કુટુંબોને શ્રી મણીકાંતભાઈ કડકીઆ મારફતે આપવામાં આવશે. ત્રણેય દાતાઓનો આભાર.

**- શ્રી રજનીભાઈ લટકારી**

# વાડાસિનોર પ્રગતી સમાજ કો. ક્રેડીટ સોસાયટી લિમીટેડ

## ૩૨મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

ઉપરોક્ત સોસાયટીની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા તા. ૯-૮-૨૦૧૮ ગુરુવારના સાંજે ૭ કલાકે, પ્રમુખ શ્રી પ્રફુલભાઈ શાહના નેજા હેઠળ તેજપાલ સભાગૃહ ખાતે પાર પડી હતી. કુલ ૩૫૦ સભ્યોની હાજરી નોંધાઈ હતી.

રાષ્ટ્રગાન ના સન્માન સાથે સભાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ચેરમેન શ્રી કૌશિકભાઈ કડકિયા દ્વારા વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન હાથ ધરાયેલ કાર્યનો અહેવાલ રજુ થયો હતો. સોસાયટીનો અન્વેષિત આવક જાવકનો હિસાબ, સરવૈયા સહિત રજુ થયા બાદ તેને હાજર રહેલ શેયર ધારક સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. સ્ટેચ્યુટરી ઓડીટ રિપોર્ટ તથા રેક્ટીફીકેશન રિપોર્ટને સભા દ્વારા મંજૂરી અપાઈ હતી. સોસાયટીના કુલ ચોખ્ખા નફામાંથી શેયર ધારક સભ્યોને ૧૫ પ્રતિસદ ડીવીડન્ટની ભલામણ ને સભા દ્વારા સર્વાનુમતે મંજૂરી મળી હતી.

સભા દ્વારા સોસાયટીના Interal Auditor મે. આઈ. ઓ. ધારિયા ની કાં. Statutory Audhitor શ્રીમતી જ્યોતી પી. નિંબાલકર, Hon. Legal Advisor શ્રી જશવંતલાલ કોદરલાલ પરીખ, Grievance Redressal & Compromise Comittee ના સંયોજક તરીકે શ્રી વસંત શાંતીલાલ પરીખની ભલામણને સર્વાનુમતે મંજૂરી અપાઈ હતી. રાબેતા મુજબ હાજર રહેલ શેયર ધારક સભ્યોને ચેરમેન શ્રી કૌશિકભાઈ કડકિયા તરફથી આર્કષક ભેટ અપાઈ હતી.

## જાહેર સુચના

સર્વે શેર ધારક ભાઈઓ તથા બહેનો

ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા તા. ૯મી ઓગસ્ટ ૨૦૧૮ને ગુરુવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે યોજાઈ હતી. સભામાં જાહેરાત થયા મુજબ Maharashtra Co.Operative Society Act 1960 and subsequent amendment to model Bye-Laws 2013 દરેક શેર ધારકોને Active or Non active member અંતર્ગત ગણવામાં આવશે. Non active members ને વોટીંગ રાઈટ્સ નહી મળે. આપ સૌની જાણ ખાતર તેને લગતી વળગતી નિયમાવલી અહીં રજુ કરેલ છે. વર્ષ ૨૦૧૩ થી જે કોઈ શેરધાપક આ નિયમોનું પાલન નથી કરતા તેઆ Non active members તરીકે ગણાશે.

**નિયમાવલિ**

૧. શેર ધારકે ઉપરોક્ત સોસાયટી સાથે ન્યૂનતમ રૂા. ૫,૦૦૦/- કે વધુ રકમનો વ્યવહાર કરવો. (દા.ત. ફીક્સ ડીપોઝીટ, રિકરીંગ ડીપોઝીટ, લોન લેવી અને લોન આપવા ગેરેંટર બનવું.)

૨. સતત ૫ વર્ષ દરમ્યાન કમ સે કમ એક વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપવી.

સર્વે શેર ધારક ભાઈઓ તથા બહેનોને સવિનય નિવેદન છે કે જો આપ Non active member હોવ તો ઉપર જણાવેલ નિયમો પૈકી કોઈપણ એક નિયમનું પાલન કરી ને આપ આપનું નામ Active member નાં લીસ્ટમાં સુચીત કરાવી શકો છો. આ બાબતે વધુ જાણકારી માટે સોસાયટીનાં કાર્યાલયમાંથી માહિતી મેળવી શકશો અથવા તો કાર્યવાહક સમિતીના સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

**વાડાસિનોર પ્રગતી સમાજ કો.ક્રે.સો. લિ. વતી**

**માનદ્ મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા તથા શ્રી નિતિન પ્રવિણચંદ્ર ગાંધી**

# બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ
# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
## અનુકરણીય દાન/વચન

**સખાવતિ દાતાશ્રી ઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી :**

| | | |
|---|---|---|
| ૧.એક સદગૃહસ્થ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૨.શ્રી તુષાર જયંતીલાલ કડકીઆ | રૂા. | ૫૦,૦૦૦/- |
| ૩.શ્રી હીતેન સી. પરીખ | રૂા. | ૧૦,૦૦૦/- |
| ૪.શ્રી પ્રફુલભાઈ ઓચ્છવલાલ શેઠ | રૂા. | ૧૦,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતીના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતિ વતી - જસ્મિન બી. શેઠ, ધર્મેશ જયંતિલાલ શાહ - માનદ્ મંત્રીઓ**

---


# પ્લોટ વેચવાના છે

## શ્રી નિશિથ આર. શાહની માલિકીના

બાલાસિનોર ખાતે બાજુબાજુમાં રહેલા બે પ્લોટ વેચવાના છે.

**વિગત :**

(૧) પ્લોટ નંબર ૨૭૫, ૪૭.૦૦.૯૦ સ્કે. મીટર (બે માળ)

(૨) પ્લોટ નંબર ૨૭૬, ૫૫.૮૩.૪૮ સ્કે. મીટર (ત્રણ માળ)

રસ ધરાવનાર વ્યક્તિને પસંદગી મુજબ સિંગલ અથવા બન્ને પ્લોટ મળી શકશે.

**સંપર્ક :**

**શ્રી જયેન્દ્રભાઈ સી. દેસાઈ - ૯૮૬૯૩૨૪૦૫૭**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તથા શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

વાર્ષિક સામાન્ય સભા

સર્વે જ્ઞાતિજનો,

ઉપરોક્ત મંડળની સંયુક્ત વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૮ મંગળવારના રોજ સમય સાંજના ૭.૦૦ કલાકે યોજવામાં આવેલ છે. **સ્થળ :** તારાબાઈ હોલ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦. તેથી સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા અમારું નમ્ર નિવેદન.

**નોંધ :** સભાબાદ જમાવાની વ્યસ્થા રાખવામાં આવેલ છે. ઈચ્છુક સભ્યએ સંસ્થાના કાર્યાલયમાં નિર્ધારીત રકમ જમા કરાવી જમવાના પાસ લેવા વિનંતી.

**– કારોબારી સમિતીઓ વતી**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

✤ **Sachin Kanubhai Gandhi**
**Hasumati Kanubhai Gandhi**
501, 5th Floor, Palot No. D-29
Milap Co.op. Hsg. Society Ltd.
10th Road, Santacruz (East),
Mumbai - 400055
**Ph (R) :** 022-26153605
**(M) Sachin** : 9820430321
**(M) Hasumati** : 9820430342

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ જ્યોત્સના વિરેશ મણીલાલ પરીખ (પડાલવાળા) | ૬૯ |
| ✤ રામકૃષ્ણ ચંદુલાલ પરીખ | ૮૪ |
| ✤ ઈન્દુમતી બાબુલાલ ધારીયા (ધરીયાબાપજી) | ૮૧ |
| ✤ શકુંતલાબેન નવીનચંદ્ર પરીખ (રાઠોડિયા) (ચક્ષુદાન કરેલ છે.) | ૭૩ |
| ✤ મૌલિક કૌશિક નટવરલાલ પારેખ | ૪૪ |



**નેત્રદાન કરેલ છે**

**શકુંતલાબેન**
**નવીનચંદ્ર પરીખ (રાઠોડિયા)**
**(ઉં.વ ૭૩)**

**પ્રભુ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**